

મોડાસામાં ૩૫ વર્ષથી નીકળતી ભવ્ય શોભાયાત્રામાં પાછલા વર્ષથી ભગવાન જગન્નાથનું મામેરૂ ભરવામાં આવી રહ્યું છે. ચાલુ સાલે શ્રી હિંગળાજ ભજન મંડળ તથા આનંદનો ગરબો મોડાસા આયોજિત ભગવાન જગન્નાથનું મામેરૂ મોહનલાલ એન્ડ સન્સ પરિવાર દ્વારા ભરવામાં આવ્યું હતું. મામેરામાં મોટી સંખ્યામાં મહિલાઓ જોડાયી હતી અને ભજન-કીર્તનનો લાભ લીધો હતો.

# આજે મોડાસામાં ભવ્ય રથયાત્રા

## 'જય રણછોડ માખણ ચોર'ના નારાઓથી શહેરના વિસ્તારો ગુંજી ઉઠશે

મોડાસા, તા. ૨૪

મોડાસા શહેરમાં આજે પરંપરાગત રીતે ૩૫મી રથયાત્રામાં ભગવાન જગન્નાથ, ભાઈ બલરામ અને બહેન શુભદ્રા સાથે રથમાં બિરાજમાન થઈ નગરયાત્રાએ નીકળી શહેરીજનોને દર્શન આપશે. વર્ષમાં એકવાર ભગવાન જગન્નાનથજી સામે ચાલીને ભાવિકોને દર્શન આપવા નીકળતા હોવાથી ભક્તો ભગવાનના દર્શન કરવા અધીરા બન્યા છે. ૩૫મી ભવ્ય રથયાત્રામાં સઘન-ચુસ્ત પોલીસ બંદોબસ્તમાં ૩૫૦થી વધુ પોલીસકર્મીઓ ખડેપગે તૈનાત રહેશે.

મોડાસા શહેરના ભક્તજનો આજે ભક્તિરસમાં ભીંજાસે. વર્ષભર નિજમંદિરે જઈને શ્રીજીના અલૌકીક દર્શનનો લ્હાવો લેતા તેમના ભક્તો આજે ઘર આંગણે દર્શન આપવા પધારનાર ભગવાન જગન્નાથના ઠેર ઠેર વધામણા કરી જય રણછોડ માણખચોરના નારાઓથી શહેરના વિસ્તારો ગુંજી ઉઠશે. નગરમાં નિકળનાર ભવ્ય રથયાત્રાની સાથે સંતો-મહંતો, ઘોડેસવારો, બેન્ડ, અંગ કસરતના દાવપેચ, ભજન મંડળીઓ, આકર્ષક ઝાંખીઓ, અવનવી વેશભૂષા અને આદીવાસી નૃત્ય નિહાળવા



શહેરીજનો અને જિલ્લાવાસીઓ રથયાત્રાના રૂટ પર ઉમટી પડી મગ-જાંબુનો પ્રસાદ આરોગી ધન્ય બનશે.

રથયાત્રા ઉત્સવ સમિતિના પ્રમુખ નિલેષભાઈ જોષીના જણાવ્યા અનુસાર રથયાત્રા સવારે ૧૧.૩૦ કલાકે બાલકદાસ મંદિરેથી પ્રારંભ થયા બાદ આઝાદચોક ગોકુલાનજી મંદિર, ગાંધીવાડા, સોનીવાડા, ભોઈવાડા, ડીપ વિસ્તાર થઈને મોડાસા ચાર રસ્તા બપોરે પહોંચશે. જ્યાં મુસ્લીમ બિરાદરો દ્વારા રથયાત્રા સમિતિનું સન્માન કરી સદભાવના હેઠળ કોમી-એખલાસના દશ્યો જોવા મળશે. ત્યારબાદ બસસ્ટેન્ડ થઈને ભાવસારવાડા કડીયાવાડા, પરબડી, જૈન દેરાસર થઈ ૭.૩૦ કલાકે નિજ મંદિર પહોંચશે. સમગ્ર રથયાત્રાની તૈયારીઓને આખરી ઓપ આપી દેવાયો છે અને આજે નિકળનાર રથયાત્રામાં હજ્જારો ભક્તો દર્શનાર્થે ઉમટી પડી જય રણછોડ માખણ ચોરના નારાઓથી માર્ગો ગુંજવશે. કુદરતે પણ કાળઝાળ ગરમી વચ્ચે વરસાદ વરસતા વાતાવરણમાં ઠંડક પ્રસરતા રથયાત્રામાં હજ્જારો ભક્તો જોડાશે અને રથયાત્રા દરમિયાન અમી છાંટણામાં લોકો તળબોળ બનવા આતુર બન્યા છે.



મોડાસામાં નીકળનાર ૩૫મી જગન્નાથની ભવ્ય શોભાયાત્રામાં અરવલ્લી જિલ્લા પોલીસે તંત્ર દ્વારા મોડાસા શહેરમાં નીકળનારી રથયાત્રાના રૂટ પર શનિવારે સાંજના સુમારે પોલીસે દ્વારા અધિકારી અને કર્મચારીઓ દ્વારા રૂટનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.

# મોડાસા નજીક દૂધેશ્વરી માતાના મંદિર નજીક અજાણ્યા વાહનની ટક્કરે એક્ટીવાચાલકનુ મોત

મોડાસા, તા. ૨૪

મોડાસા-હિંમતનગર રોડ પર આવેલા દૂધેશ્વરી માતાજીના મંદિર નજીક શુક્રવારે સાંજના સુમારે મોડાસાના લઘુમતિ કોમનો યુવાન એક્ટીવા લઈને કામકાજ અર્થે નીકળ્યો હતો. ત્યારે અજાણ્યા વાહને એક્ટીવાને અડફેટે લેતા એક્ટીવા ચાલક રોડ પર પટકાતા શરીરે ગંભીર ઈજાઓ થતા મોડાસાના દવાખાને પ્રાથમિક સારવાર આપી સઘન સારવાર અર્થે અમદાવાદ લઈ જતા યુવાનનુ રસ્તામાં જ પ્રાણ પંખેરૂ ઉડી જતા સમગ્ર મુસ્લીમ વિસ્તારમાં મૃતક યુવાનના પગલે શોકની લાગણી ફેલાઈ હતી.

મોડાસા ઘાંચીવાડા મસ્જીદની સામે રહેતા અને ડ્રાયવીંગ કરી ગુજરાન ચલાવતો ઉસ્માનગની નામનો ૪૫ વર્ષીય યુવાન કામકાજ અર્થે એક્ટીવા-સ્કૂટર (ગાડી નં. જીજે૯.સીએલ.૬૩૨૬) લઈને શુક્રવારે સાંજના સુમારે હિંમતનગર તરફ કામકાજ અર્થે પસાર થતો હતો ત્યારે દૂધેશ્વરી માતાજીના મંદિર નજીક અજાણ્યા વાહને એક્ટીવાને જોરદાર ટક્કર મારતા ઉસ્માનગની રોડ પર પટકાતા શરીરે ગંભીર ઈજાઓ થતા ઘાયલ યુવાનને મોડાસા સાર્વજનિક હોસ્પિટલ સારવાર અર્થે ખસેડાયો હતો. યુવાનના શરીરે ગંભીર ઈજાઓ જણાતા સાર્વજનિકના તબીબોએ તાત્કાલિક ઈજાગ્રસ્ત યુવાનને અમદાવાદ વધુ સારવાર અર્થે ખસેડવા જણાવતા મૃતકના પરિવારજનોએ સારવાર અર્થે અમદાવાદ લઈ જતા યુવાનને સઘન સારવાર મળે તે પહેલા જ રસ્તામાં મોત નિપજતા પરિવારજનો સહિત સમગ્ર મુસ્લીમ સમાજ શોકમગ્ન બન્યો હતો. મોડાસા ટાઉન પોલીસે ઈદરીશ ઈબ્રાહીમભાઈ ગેલાનીની ફરિયાદના આધારે અકસ્માતે મોતનો ગુન્હો નોંધી અજાણ્યા વાહનચાલકને ઝડપી પાડવા કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે મુસ્લીમ સમાજમાં મોટામાં મોટી ઈદ ગણાતી રમઝાન ઈદને ગણતરીના કલાકો બાકી છે ત્યારે મુસ્લિમ સમાજ અને મૃતક યુવાનના પરિવારજનોએ ઈદ મનાવવાનો ઉલ્લાસ આનંદ શોકમાં ફેરવાતા મૃતકના પરિવારજનો અને સમગ્ર મોડાસાના મુસ્લિમ પંથક શોકની લાગણીમાં ડૂબી ગયો હતો.

# અરવલ્લી જિલ્લામાં પ્રથમ મોડાસાની ડી.એલ.એડ. કોલેજનું પરિણામ ૧૦૦ ટકા

મોડાસા કોલેજ કેમ્પસમાં આવેલ ગો.વા.પ.ભ. મુરીબેન ખેમચંદદાસ શાહ ડી.એલ.એડ. કોલેજ મોડાસા છેલ્લા ૧૭ વર્ષથી સાબરકાંઠા-અરવલ્લીમાં મોખરાનું સ્થાન ધરાવે છે. પ્રશિક્ષણાર્થીઓના સર્વાંગી વિકાસને વરેલી કોલેજ સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ સાથે ઉમદા પ્રશિક્ષણ પુરૂ પાડે છે. આચાર્ય ડૉ. સંતોષ દેવકર તથા સમગ્ર કોલેજ પરિવાર પ્રશિક્ષણાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે ઝળહળતા પરિણામ માટે સતત માર્ગદર્શન પુરૂ પાડે છે. ચાલુ વર્ષે પરિણામ ૧૦૦ ટકા મેળવીને અરવલ્લી જિલ્લામાં મોખરાનુ સ્થાન જાળવી રાખ્યું છે.

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા જાહેર થયેલ બીજા વર્ષના પરિણામમાં બોર્ડના ૯૪.૭૧ ટકા અને પ્રથમ વર્ષના પરિણામમાં બોર્ડના ૭૭.૪૭ ટકા રીઝલ્ટની સામે એમ.કે. શાહ ડી.એલ.એડ., મોડાસાએ ૧૦૦ ટકા રીઝલ્ટ મેળવી પ્રશિક્ષણાર્થીઓએ એક સિદ્ધીનું સોપાન સર કર્યુ છે. કોલેજના તમામ તાલીમાર્થીઓ ફસ્ટક્લાસ સાથે ઉત્તીર્ણ થયા છે. જે ખૂબ જ ગૌરવ લેવા જેવી બાબત છે. પ્રથમ વર્ષમાં પ્રથમ આવનાર તાલીમાર્થી રીષાબેન સંજયભાઈ દેસાઈએ ૮૧.૫૭ ટકા મેળવ્યા છે, જ્યારે બીજા વર્ષમાં પ્રથમ આવનાર તાલીમાર્થી ઉમંગ સવજીભાઈ પટેલે ૮૮.૨૦ ટકા મેળવી સમગ્ર અરવલ્લી જિલ્લામાં પ્રથમ સ્થાન મેળવી કોલેજને ગૌરવ અપાવ્યુ છે.

# મહેસાણા જિલ્લામાં મહિલા રોજગાર ભરતી મેળો યોજાશે

મહેસાણા જિલ્લામાં રોજગાર ક્ષેત્રે મહિલાઓનું પ્રતિનિધિત્વ વધે તે ઝુંબેશ સ્વરૂપે મહેસાણા જિલ્લા રોજગાર કચેરી દ્વારા મહિલાઓ માટે ખાસ રોજગાર ભરતી મેળાનુ આયોજન કરાયું છે. આ ભરતી મેળામાં જુદાજુદા સર્વિસ સેક્ટરના ખાનગી નોકરી દાતાઓ ઉપસ્થિત રહેનાર છે. આ જોબફેરમાં ૨૮ જુન ૨૦૧૭ના રોજ કોમ્યુનિટી હોલ,પાણીની ટાંકી પાસે જી. આઈ.ડી.સી, મહેસાણા ખાતે સવારે ૯ કલાકે રોજગાર ભરતી મેળાનું આયોજન કરાયું છે.









કડીમાં માણેકલાલ પટેલ માર્ગ : જાણીતા સામાજિક અગ્રણી અને કેળવણીકાર સ્વ. માણેકલાલ પટેલની ચિરસ્મૃતિમાં કડી નગરપાલિકા દ્વારા શહેરના ધમધમતા માર્ગનું નામ માણેકલાલ એમ. પટેલ (સાહેબ) માર્ગનું નામકરણ નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે કર્યું હતું. આ પ્રસંગે નગરપાલિકા પદાધિકારીઓ અને શ્રી વલ્લભભાઈ પટેલ તથા પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.



## ભિલોડા તાલુકામાં મેઘરાજાની પધરામણી

ઉનાળાની અસહ્ય કાળઝાળ ગરમી,બાફ અને ઉકળાટ ભર્યા માહોલથી પ્રજાજનો ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા.મેઘરાજાની સૌ-કોઈ ચાતક નજરે રાહ જોઈ રહ્યા હતા ત્યારે આજે ભિલોડા તાલુકામાં વીજળીના કડાકા-ભડાકા સાથે મેઘરાજાની પધરામણી કરતાં ધરતીપુત્રો મલકાયા હતા. પ્રથમ વરસાદ આવતાની સાથે જ વીજ પુરવઠો વરસાદ દરમ્યાન ખોરવાતાં તંત્ર સામે પ્રજાજનોમાં ભારે નારાજગી જોવા મળી હતી. અસહ્ય બાફ અને ઉકળાટ ભર્યો માહોલ સર્જાયા બાદ આકાશમાં કાળા ડીંબાગ વાદળો છેલ્લા કેટલાય દિવસોથી ઘેરાતા હતા ત્યારે આજે વહેલી સવારે મેઘરાજાએ પધરામણી કરતાં પ્રથમ વરસાદમાં ભીંજાવવાની પ્રજાજનોએ મજા માણી હતી.અસહ્ય કાળઝાળ ગરમીમાં સેકાતા પ્રજાજનોએ રાહતની લાગણી અનુભવી હતી. ભિલોડા તાલુકામાં ક્યાં ધીમી ધારે તો ક્યાંક હળવો વરસાદ વરસતાં ઠેર-ઠેર ખાડા ખાબોચીયાઓમાં અને નીચાણવાળા વિસ્તારોમાં વરસાદી પાણી ભરાયું હતું. ધરતીપુત્રોમાં આનંદની લાગણી પ્રસરી હતી.ધરતીપુત્રો અને ખેતમજુરો ખેતીના કામકાજમાં પરોવાયા હતા. ભિલોડા સહિત અંતરીયાળ ડુંગરાળ ગ્રામ્યવિસ્તારોમાં વારંવાર વીજપુરવઠો ખોરવાતા પ્રજાજનો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

# મોડાસાના વિદ્યાર્થીઓ યુનિવર્સિટી પરીક્ષામાં ઝળક્યા

ધી મ.લા. ગાંધી ઉચ્ચત્તર કેળવણી મંડળ સંચાલિત અને હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની માન્યતા ધરાવતી મોડાસાની શ્રીમતી વિલાસબેન વ્રજમોહનભાઈ શાહ એમ.એસ.સી. (સી.એ. અને આઈ.ટી.) કોલેજની





વિદ્યાર્થીની પટેલ હિમાની રાજેશભાઈએ યુનિવર્સિટી દ્વારાલેવાયેલ માર્ચ જૂન-૨૦૧૭ની સેમીસ્ટર-૬ના પરિણામમાં યુનિવર્સિટી કક્ષાએ દ્વિતિય તેમજ ડાભી નમ્રતાબા ગણપતસિંહે ચતુર્થ ક્રમ મેળવી કોલેજનું ગૌરવ વધારેલ છે. આવી સુંદર સિદ્ધિ હાંસલ કરવા બદલ કોલેજ કેળવણી મંડળના પ્રમુખ નવીનચંદ્ર આર. મોદી, કોલેજના પ્રભારી મંત્રી અરવિંદભાઈ જે. મોદી તથા કોલેજના આચાર્ય પરિમલ એમ. શાહ અને સમગ્ર સ્ટાફ મિત્રોએ અભિનંદન પાઠવ્યા હતા.

# પ્રાંતિજ સહિત સુન્ની મુસ્લિમ વ્હોરા સમાજનુ ગૌરવ

### પ્રાંતિજના વિદ્યાર્થીએ નીટની પરીક્ષામાં ૧૪૧મો રેન્ક મેળવ્યો : શહેજાદ ૯૯.૯૮ પર્સન્ટાઇલ સ્કોર કરી શહેરી વિદ્યાર્થીઓને પાછળ મુકયા : પિતા નાનો અમથો વેપાર કરી ગુજરાન ચલાવે છે : તેના દાદાનુ સપનુ હતું તે ડાંકટર બને

પ્રાંતિજ, તા.૨૪

પ્રતિભાવન વિદ્યાર્થીઓ ગ્રામ્ય વિસ્તારોમાં પણ સખત અને સતત મહેનત કરે છે અને ઝળહતી સફળતા હાંસલ કરતાં હોય છે અને સિધ્ધી પ્રાપ્ત કરે છે.

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે રહેતાં અને વ્હોરવાડમાં નાનો અમથો વેપાર કરતાં જાહીદ હુસેન ભુરાવાલાનો પુત્ર શહેજાદ ભુરાવાલા નીટની રાષ્ટ્રીય કક્ષાની પરીક્ષામાં ઓલ ઈન્ડિયા ૧૪૧મો રેન્ક મેળવ્યો છે. અને દેશભરમાં ૧૧.૫ લાખ વિદ્યાર્થીઓએ નીટની પરીક્ષા આપી હતી જેમાં પ્રાંતિજનો હોનહાર તેજસ્વી શહેજાદ ૯૯.૯૮ પર્સન્ટાઈલ સોટ સ્કોર કરી શહેરી વિદ્યાર્થીઓને પણ પાછળ રાખી



દીધાં છે અને ગુજરાતના તેજસ્વી મુસ્લિમ વિદ્યાર્થીઓ માટે એમએમસીટી ભરૂચ અને પીએમઈટી સુરતના સફળ પ્રોજેકટ ગિફટેડ-૩૦માં પસંદગી પામેલ શહેજાદ જાહીદ હુશેન ભુરાવાલાની બે વર્ષ પૂર્વે પસંદગી થઈ હતી અને તેણે પીએમઈટી સુરતમાં રહી તજજ્ઞોના નિષ્ણાંતોના માર્ગદર્શન હેઠળ ધારી સફળતા મેળવી એઈમ્સ જીઈઈ બાદ નીટમાં પણ સુંદર દેખાવ કરી ઉત્કૃષ્ઠ સફળતા મેળવી છે અને પોતે પોતાની સફળતા માટે અલ્લાહનો આભાર વ્યક્ત કરતાં શહેજાદે તેની સફળતાનો શ્રેય માતા-પિતા તથા શિક્ષકો અને ગિફટેડ- ૩૦ ના માર્ગ દર્શકોને જશ આપ્યો છે અને પ્રાંતિજના સુન્ની મુસ્લિમ વ્હોરા સમાજનાં શહેજાદની સફળતા માટે હિન્દુ-મુસ્લીમ નગરજનોની સાથે સમાજના લોકોએ પિતા-પુત્રને અભિનંદન પાઠવવા તેમની દુકાન ઉપર આવ્યાં હતા.

# મહેસાણા જિલ્લામાંમા નર્મદા મહોત્સવ યોજાશે

## ૬ જુલાઈથી ૧૫ જુલાઈ દરમિયાન જિલ્લાના તમામ ગામોમાં નર્મદા રથ ફરશે

મહેસાણા, તા. ૨૪

મહેસાણા જિલ્લા કલેકટર આલોક કુમારના અધ્યક્ષ સ્થાને રાજ્યમાં યોજાનાર મા નર્મદા મહોત્સવ અંતર્ગત મહેસાણા જિલ્લાની ઉજવણી સંદર્ભે સમીક્ષા બેઠક યોજાઈ હતી. નર્મદે સર્વેદે ગુજરાત કો ગર્વ દે ના સુત્ર સાથે જિલ્લાના અધિકારીઓ દ્વારા ઉજવણી સંદર્ભે તૈયારીઓ આરંભી છે. રાજ્યમાં નર્મદાના પારસ જળ થકી ગુજરાતનો વિકાસ અગ્રેસર રહ્યો છે. સરદાર સરોવર ડેમના દરવાજા બંધ થવાથી રાજ્યના વિકાસના દ્વાર ખુલ્યા છે. આ ઐતિહાસિક ક્ષણ જીવંત બને અને લોકો તેમાં જોડાય તે માટે રાજ્યમાં મા નર્મદા મહોત્સવનું આયોજન કરાયું છે.

જિલ્લા કલેક્ટર આલોક કુમારે જણાવ્યુંહતુંકે ૬ જુલાઈથી ૧૫ જુલાઈ દરમિયાન યોજાનાર મા નર્મદા મહોત્સવમાં રાજ્યના ૧૦,૦૦૦ ગામડાઓ જોડાવાના છે. રાજ્યના ૨૩ જિલ્લાઓમાં યોજાનાર મા નર્મદા મહોત્સવ મહેસાણા જિલ્લામાં પણ યોજાનાર છે. મહેસાણા જિલ્લાના તમામ તાલુકાના ગામડાઓમાં આ રથ એક દિવસમાં ૧૩ થી ૧૪ ગામડાઓમાં ભ્રમણ કરશે. જેમાં કળશ, ફ્લેગ, નર્મદા યોજના સચિત્ર સહિત નવીન ક્રિએશન થકી લોકોમાં મા નર્મદાનું મહત્વ સમજાવાશે. આ ઉપરાંત દરેક રથમાં નર્મદા યોજના અંગેની ફિલ્મ દર્શાવવામાં આવનાર છે. જિલ્લા કલેકટર આલોક કુમારે વધુમાં જણાવ્યું હતુ કે નર્મદા રથ જે ગામમાં જશે ત્યાં સાંસ્કૃતિક કાર્યક્રમો, રક્તદાન, સરકારની વિવિધ યોજનાઓની માહિતી, જાણકારી વિતરણ સહિતના કાર્યક્રમનું આયોજન કરવામાં આવનાર છે.

નિવાસી અધિક કલેકટર રમેશ મેરજાએ જણાવ્યું હતું કે દરેક પ્રાન્ત અધિકારીએ આ અંગેના રૂટ ફાઈનલ કરવા જણાવ્યું હતું. જિલ્લા કલેકટર આલોક કુમારના માર્ગદર્શનથી મહેસાણા જિલ્લામાં નર્મદા મુખ્ય કેનાલમાં જળરથના આયોજન થઈ રહ્યું છે જેમાં આર્કષણ જમાવતી જળ સંલગ્ન થીમ તૈયાર કરાશે.



## મહેસાણામાં ૧૨૧ બાળકોને સ્કૂલ બેગ આપી

મહેસાણા શહેરમાં ગોદડીવાળા બાપુ તરીકે ઓળખાતા ભીક્ષુક એવા ઉમદા દાતાએ શહેરના મોઢેરા સર્કલ પાસે આવેલ અર્બન પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા ૧૨૧ બાળકોને સ્કૂલબેગો આપી દાનના પ્રવાહને આગળ ધપાવ્યો હતો. ગોદડીવાળા બાપુએ અગાઉ શહેરની બહેરા-મુંગા શાળા તેમજ અન્ય શાળાઓમાં અભ્યાસ કરતા ગરીબ છાત્રોને અભ્યાસમાં મદદરૂપ થવાના શુભ આશયથી ચીજવસ્તુઓ અર્પણ કરી ભિક્ષુકોમાં એક પ્રેરણાદાયી ઉમદા ઉદાહરણ પુરૂ પાડ્યું છે.



તાલુકા હેલ્થ કચેરી ખેડબ્રહ્મા ખાતે મેલેરીયા મુક્ત ગુજરાત-૨૦૨૨ અંતર્ગત ખેડબ્રહ્મા શહેરના તમામ પ્રાઈવેટ ડૉક્ટર તથા લેબોરેટરીની મીટીંગનુ આયોજન કરવામાં આવેલુ. જેમાં શહેરના ૧૬ જેટલા ડૉક્ટરોએ હાજરી આપી અને મેલેરીયા મુક્ત ગુજરાત-૨૦૨૨માં તેમનો સંપૂર્ણ સહકાર આપવાની સંમતિ દર્શાવેલી. ઉપરાંત સંસ્થાકીય સુવાવડ તથા રસીકરણ જેવા મુદ્દાઓની પણ ચર્ચા કરવામાં આવેલી. ડૉ. અશ્વિન ગઢવી અધિક્ષક જનરલ હોસ્પિટલ ખેડબ્રહ્મા દ્વારા દરરોજ ૧૦ થી ૧૨માં નવજાત શિશુઓને રસીકરણ (જેવા કે વીટામીન-કે, ઓ-પોલીયો, હીપ બી) જનરલ હોસ્પિટલ દ્વારા કરવામાં આવે છે. જેની જાહેરાત કરવામાં આવી તથા પ્રાઈવેટ ડૉક્ટર્સને તેનો લાભ લેવા અપીલ કરવામાં આવી હતી.